**કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**ગોધરા–૩૮૯ ૦૦**

# G-20 સમિટ-2023 અંતર્ગત Expert Lecture નું આયોજન










કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આકૃયુ, ગોધરા દ્વારા G-20 સમિટ અંતર્ગત Women Empowerment: Bridging the Gender Divide વિષય ઉપર તા. ૦૪.૦૩.૨૦૨૩ શનિવારના રોજ એક Expert Talk નું આયોજન કરેલ જેમાં શ્રી મહેશ કુમાર, મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરી,

જિલ્લા સેવા સદન, ગોધરા તરફથી ઉપસ્થિત રહેલ તેમજ તેઓશ્રએ સરકારશ્રી તરફથી અમલમાં મુકેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપેલ. ઉપરાંત ઈજ. ચિરાગ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા Women Empowerment: Bridging the Gender Divide વિષય ઉપર તજજ્ઞ વ્યાખ્યાન આપવામાં આવેલ. સદર કાર્યક્રમનું આયોજન ડૉ. બ્રિજેશ અમીન, મદદનીશ પ્રાધ્યાપક અને કૉલેજ કન્વીનર, G-20 દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ તેમજ કર્મચારી/અધિકારીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. સદરહુ કાર્યક્રમમાં અત્રેના મહાવિદ્યાલયના આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. આર. સુબ્બૈયાહ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં ખાસ કરીને અત્રેના મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા કર્મચારી/અધિકારીશ્રીઓ અત્રેના કાર્યક્રમ દ્વારા મેળવેલ માર્ગદર્શન છેવાળાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા મહિલા/નાગરિક સુધી પહોચડવા માટે પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન આપેલ. કાર્યકરમના અંતમાં આભાર વિધિ કૉલેજના અંતિમ વર્ષની વિદ્યાર્થિની તેમજ ગર્લ્સ રિપ્રેઝન્ટેટીવ કુ. સાક્ષી દ્વારા કરવામાં આવેલ હતી.